# રાજકોટ મહાનગર સેવાસદન

## પ્રાણીસંગ્રહાલય શાખા

### ઇ-ટેન્ડર નં.રા.મ.ન.પા./ઝૂ/૨૦૨૪-૨૫/૦૬

**રાજકોટ ઝૂલોજીકલ પાર્ક ખાતે માંસ તથા ચીકન સપ્લાય કરવાના કામનો દ્વીવાર્ષિક રેઇટ કોન્ટ્રાકટ આપવાનું કામ (બીજો પ્રયત્ન)**

| | | |
|---|---|---|
| ૧ | ટેન્ડર ફી (પરત મળવાપાત્ર નથી) | રૂા.૪,૫૦૦/- |
| ૨ | અર્નેસ્ટમની ડીપોઝીટ | રૂા.૨,૪૭,૦૦૦/- |
| ૩ | ઇ-ટેન્ડર ડાઉનલોડની કરવાની છેલ્લી તારીખ | તા.૨૪/૦૩/૨૦૨૫ ૧૬:૦૦ કલાક સુધી |
| ૪ | ઇ-ટેન્ડર ઓનલાઇન સબમીટની છેલ્લી તારીખ | તા.૨૪/૦૩/૨૦૨૫ ૧૮:૦૦ કલાક સુધી |
| ૫ | ટેન્ડર ડોકયુમેન્ટ ((ટેન્ડર ફી, અર્નેસ્ટમની તથા લાયકાતના તમામ ડોકયુમેન્ટસ) | તમામ ડોકયુમેન્ટસ ઓનલાઇન સબમીટ કરવાના રહેશે. |
| ૬ | ટેન્ડર ફી, અર્નેસ્ટમની ફી, નોન બ્લેક લીસ્ટેડ એફીડેવીટ તથા બીડરની વિગત દર્શાવતુ ફોર્મ મોકલવાની તારીખ તથા સ્થળ | સીલબંધ કવરમાં ફકત પોસ્ટ મારફત તા.૨૫/૦૩/૨૦૨૫થી તા.૨૯/૦૩/૨૦૨૫ સુધીમાં ઝૂ સુપ્રિન્ટેન્ડેન્ટશ્રી, રાજકોટ ઝૂલોજીકલ પાર્ક, માર્કેટીંગ યાર્ડની પાછળ, રાજકોટ-૩૬૦૦૦૩ ખાતે મોકલાવવાનું રહેશે. |
| ૭ | ઓનલાઇન ટેકનીકલ બીડ ખોલવાની તારીખ | તા.૦૧/૦૪/૨૦૨૫ ૧૦:૩૦ કલાકે |
| ૮ | વેરીફીકેશન ઓફ ટેકનીકલ બીડ | તા.૦૧/૦૪/૨૦૨૫ ૧૬:૦૦ કલાક સુધી |
| ૯ | ઓનલાઇન પ્રાઈઝબીડ ખોલવાની સંભવિત તારીખ | તા.૦૨/૦૪/૨૦૨૫ ૧૧:૦૦ કલાકે |
| | વધુ જાણકારી માટે અમારો સંપર્ક કરો.<br>ડો.આર.કે.હિરપરા ઝૂ સુપ્રિન્ટેન્ડેન્ટ મો.૯૯૭૮૯૧૧૨૪૫, | |

ઝૂ સુપ્રિન્ટેન્ડેન્ટશ્રી,
રાજકોટ ઝૂલોજીકલ પાર્ક,
માર્કેટીંગ યાર્ડની પાછળ,
રાજકોટ.

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાના નં. |
|---|---|---|
| ૦૧ | ઇ-ટેન્ડર નોટીસ | ૦૩-૦૪ |
| ૦૨ | ટેન્ડરની શરતો | ૦૫-૦૯ |
| ૦૩ | સેલ્ફ ડિકલેરેશન ફોર્મ (એનેક્ષર-એ) | ૧૦ |
| ૦૪ | બીડરની વિગત | ૧૧ |
| ૦૫ | પ્રાઈઝબીડ | ૧૨ |

# રાજકોટ મહાનગરપાલિકા
## પ્રાણીસંગ્રહાલય શાખા
### ઇ-ટેન્ડર નોટીસ (બીજો પ્રયત્ન)

રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત રાજકોટ ઝુલોજીકલ પાર્ક, જુના માર્કેટીંગ યાર્ડની પાછળ, ભીચરી રોડ, રાજકોટ ખાતેના વન્ય પ્રાણીઓના ખોરાક માટે માંસ તથા ચીકન સપ્લાય કરવા માટે દ્વિવાર્ષીક રેઇટ કોન્ટ્રાક્ટ કરવા માટે ઇ-ટેન્ડરથી ભાવો મંગાવવામાં આવે છે. ઇ-ટેન્ડર www.rmc.nprocure.com પરથી ભરી શકાશે. જેની વિગત નીચે પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| ૧ | ટેન્ડર ફી (પરત મળવાપાત્ર નથી) | રૂા.૪,૫૦૦/- |
| ૨ | અર્નેસ્ટમની ડીપોઝીટ | રૂા.૨,૪૭,૦૦૦/- |
| ૩ | ઇ-ટેન્ડર ડાઉનલોડની કરવાની છેલ્લી તારીખ | તા.૨૪/૦૩/૨૦૨૫ ૧૬:૦૦ કલાક સુધી |
| ૪ | ઇ-ટેન્ડર ઓનલાઇન સબમીટની છેલ્લી તારીખ | તા.૨૪/૦૩/૨૦૨૫ ૧૮:૦૦ કલાક સુધી |
| ૫ | ટેન્ડર ડોકયુમેન્ટ ((ટેન્ડર ફી, અર્નેસ્ટમની તથા લાયકાતના તમામ ડોકયુમેન્ટસ) | તમામ ડોકયુમેન્ટસ ઓનલાઇન સબમીટ કરવાના રહેશે. |
| ૬ | ટેન્ડર ફી, અર્નેસ્ટમની ફી, નોન બ્લેક લીસ્ટેડ એફીડેવીટ તથા બીડરની વિગત દર્શાવતુ ફોર્મ મોકલવાની તારીખ તથા સ્થળ | સીલબંધ કવરમાં ફકત પોસ્ટ મારફત તા.૨૫/૦૩/૨૦૨૫થી તા.૨૯/૦૩/૨૦૨૫ સુધીમાં ઝૂ સુપ્રિન્ટેન્ડેન્ટશ્રી, રાજકોટ ઝૂલોજીકલ પાર્ક, માર્કેટીંગ યાર્ડની પાછળ, રાજકોટ-૩૬૦૦૦૩ ખાતે મોકલાવવાનું રહેશે. |
| ૭ | ઓનલાઇન ટેકનીકલ બીડ ખોલવાની તારીખ | તા.૦૧/૦૪/૨૦૨૫ ૧૦:૩૦ કલાકે |
| ૮ | વેરીફીકેશન ઓફ ટેકનીકલ બીડ | તા.૦૧/૦૪/૨૦૨૫ ૧૬:૦૦ કલાક સુધી |
| ૯ | ઓનલાઇન પ્રાઈઝબીડ ખોલવાની સંભવિત તારીખ | તા.૦૨/૦૪/૨૦૨૫ ૧૧:૦૦ કલાકે |

<u>લાયકાતની વિગત:</u>

1) <u>ટેન્ડર ફી:</u> બીડરે ટેન્ડર ફી પેટે રૂા.૪,૫૦૦/- (અંકે રૂપિયા ચાર હજાર પાંચસો પુરા)નો નેશનલાઇઝડ/શેડયુલ્ડ બેંકનો ડીમાન્ડ ડ્રાફ્ટ "રાજકોટ મહાનગરપાલિકા" **(Rajkot Municipal Corporation) Payable at Rajkot**ના નામનો ડીમાન્ડ ડ્રાફટ કાઢી સીલબંધ કવરમાં ટેકનીબીડ સાથે સામેલ રાખવાનો રહેશે.

2) <u>અર્નેસ્ટમની ડીપોઝીટ :</u> અર્નેસ્ટમની ડીપોઝીટ પેટે રૂા.૨,૪૭,૦૦૦/- (અંકે રૂપિયા બે લાખ સુડતાલીસ હજાર પુરા)નો નેશનલાઇઝડ/શેડયુલ્ડ બેંકનો ડીમાન્ડ ડ્રાફ્ટ "રાજકોટ મહાનગરપાલિકા" **(Rajkot Municipal Corporation) Payable at Rajkot**ના નામનો ટેન્ડર સાથે સામેલ રાખવાનો રહેશે.

3) <u>ફાયનાન્સીઅલ ક્રાયટેરીયા :</u> ટેન્ડર ભરનારે છેલ્લા સાત નાણાકીય વર્ષમાં ઓછામાં ઓછુ કોઇ એક વર્ષમાં રૂા.૧,૧૮,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા એક કરોડ અઢાર લાખ)નું વાર્ષિક ટર્નઓવરનું સી.એ.નું પ્રમાણપત્ર સામેલ

રાખવાનું રહેશે. (ફાયનાન્સીયલ ક્રાયટેરીયામાં રા.મ.ન.પા. દ્વારા નક્કી કરવામાં આવેલ એનહાન્સમેન્ટ ફેકટર લાગુ પડશે.)

4) <u>અનુભવની વિગત (એકસપીરીયન્સ ક્રાયટેરીયા):</u> બિડરે આ પ્રકારની કામગીરી એટલે કે માંસ સપ્લાય કરવા અંગેનો કોઇ પણ સેન્ટ્રલ ઝૂ ઓથોરીટી, ન્યુ દિલ્હી દ્વારા માન્ય પ્રાણીસંગ્રહાલયમાં છેલ્લા સાત નાણાકીય વર્ષમાં ઓછામાં ઓછા એક વર્ષ સુધી સંતોષકારક રીતે માંસ સપ્લાય કરેલ હોવાનું અનુભવનું પ્રમાણપત્ર ટેન્ડર સાથે સામેલ રાખવાનું રહેશે. અથવા **FORM-3A** સર્ટીફીકેટ રજુ કરવું)

5) <u>નોન બ્લેક લીસ્ટેડ એફીડેવીટ:</u> બિડરે ભારતભરમાં ક્યાંય બ્લેક લીસ્ટ ન થયેલ હોવા જોઈએ. જે માટે બીડરે એનેક્ષર-એ નમુના મુજબનું નોન બ્લેક લીસ્ટ થયાનું રૂા.૩૦૦/- ના સ્ટેમ્પ પેપર પર નોટરાઈઝ્ડ સોગદનામું (n)procure **procure**સાઈટ પર અપલોડ કરવાનું રહેશે જે નોટરાઇઝડ કરાવેલ સોગદનામું બીડરે ડોકયુમેન્ટ વેરીફાય કરાવી જમા કરાવવાનું રહેશે.

નાયબ કમિશનર(પુર્વઝોન)
રાજકોટ મહાનગરપાલિકા

## રાજકોટ ઝૂલોજીકલ પાર્ક ખાતે માંસ તથા ચીકન સપ્લાય કરવાના કામ અંગેની શરતો

સામાન્ય શરતો :-

1) (અ) બીડરે ટેન્ડર ફી પેટે રૂ.૪,૫૦૦/- (અંકે રૂપિયા ચાર હજાર પાંચસો પુરા)નો નેશનલાઇઝડ/શેડયુલ્ડ બેંકનો ડીમાન્ડ ડ્રાફટ "રાજકોટ મહાનગરપાલિકા" **(Rajkot Municipal Corporation) Payable at Rajkot**ના (બ) અર્નેસ્ટમની ફી પેટે રૂ.૨,૪૭,૦૦૦/- (અંકે રૂપિયા બે લાખ સુડતાલીસ હજાર પુરા)નો નેશનલાઇઝડ/શેડયુલ્ડ બેંકનો ડીમાન્ડ ડ્રાફટ "રાજકોટ મહાનગરપાલિકા" **(Rajkot Municipal Corporation) Payable at Rajkot**ના નામનો ડીમાન્ડ ડ્રાફટ, (ક) અસલ નોન બ્લેક લીસ્ટેડ એફીડેવીટ તથા (ડ) બીડરની વિગત દર્શાવતુ પત્રક સીલબંધ કવરમાં ઝૂ સુપ્રિન્ટેન્ડેન્ટશ્રી, રાજકોટ ઝૂલોજીકલ પાર્ક, માર્કેટીંગ યાર્ડની પાછળ, રાજકોટ-૩૬૦૦૦૩ને નિયત સમય મર્યાદામાં પહોચતું કરવાનું રહેશે. કવર ઉપર "માંસ તથા ચીકન સપ્લાય કરવાના અંગેનું ટેન્ડર" એ પ્રમાણે સ્પષ્ટ લખવાનું રહેશે. નિયત સમય મર્યાદા બાદ મળેલ ફીઝીકલ ટેકનીકલ બીડ માન્ય રહેશે નહીં તેમજ સ્વીકારવામાં આવશે નહીં.

2) બિડરે લાયકાતના તમામ ડોક્યુમેન્ટસ ઓરીજનલ સ્કેન કરી અથવા સ્વપ્રમાણિત કરી ફરજીયાત (n)procure ઉપર ઓનલાઈન અપલોડ કરવાના રહેશે. ટેન્ડરમાં જણાવ્યા મુજબ ટેન્ડર ફીની વિગત, EMDની વિગત તથા લાયકાતના તમામ ડોક્યુમેન્ટ ઓનલાઇન અપલોડ કર્યા હશે તેનું જ ટેન્ડર માન્ય રહેશે અને તેનું જ પ્રાઈઝબીડ ખોલવામાં આવશે.

3) ભાવ (n)procure પર ફક્ત ઓનલાઇન ઇલેકટ્રોનીક ફોર્મેટમાં %(ટકા) વધુ/ઓછા/બરાબર ભરવાના રહેશે.

4) ટેન્ડર ફી તથા અર્નેસ્ટમની ડીપોઝીટ ભર્યા વગરના ટેન્ડર ધ્યાન પર લેવામાં આવશે નહી તથા ટેન્ડર રદ ગણવામાં આવશે.

5) જે બીડરનું ટેન્ડર મંજુર થશે તેમના અર્નેસ્ટમની ડીપોઝીટના નાણા અનામત પેટે રાખી બાકી બીડરના ટેન્ડર સાથે ભરેલ અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ માંગણી કર્યા બાદ પરત કરવા કાર્યવાહી કરવામાં આવશે.

6) ભાવ મંજુર કરવા મ્યુનિસિપલ કમિશ્નરશ્રી તથા સ્ટેન્ડીંગ કમિટી, રાજકોટ મહાનગરપાલિકાને મોકલવામાં આવશે. તેમનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

7) સગીરવયની વ્યકિતનું ટેન્ડર સ્વીકારવામાં આવશે નહી. શંકાસ્પદ કિસ્સામાં વ્યકિતના ઉંમરનું પ્રમાણપત્ર માંગવામાં આવશે. જે રજુ કરવાનું રહેશે.

8) ભાવ મંજુર થયે બીડરે ટેન્ડરની કીંમત રૂ.૨,૪૭,૦૦,૦૦૦/- પર ભરવામાં આવેલ ભાવ મુજબ કામગીરીની કુલ કીંમતના ૦૫% લેખે સિકયોરીટી ડીપોઝીટ જમા કરાવવાની રહેશે. (If the contract price offered by the selected bidder is lower than 10% to upto lower 20% of the estimated project cost than the additional performance security shall be calculated @ 20% of the difference in the estimated project cost minus 10% of the estimated project cost and contract price offered by the selected bidder. If the contract price offered by the selected bidder is lower than 20% of the estimated project cost than the additional performance security shall be calculated @ 30% of the difference in the estimated project cost minus 10% of the estimated project cost and contract price offered by the selected bidder. The additional performance security shall be treated as part of the performance security.) સિકયોરીટી ડીપોઝીટની રકમ ડીડી કે ચેકથી ભર્યેના કિસ્સામાં રાજકોટ મહાનગરપાલિકાની હિસાબી

શાખામાં રકમ ભર્યા બદલની અસલ પહોંચ રજુ કરી રૂા.૩૦૦/-ના સ્ટેમપ પેપર પર કરારનામું કરવાનું રહેશે. બિડરે રાજકોટ મહાનગરપાલિકાની ફેવરમાં સિકયોરીટી ડીપોઝીટની રકમ ભરી કરારનામું દિન-૦૭માં કરી આપવાનું રહેશે. કરારનામાનો મુસદો રાજકોટ ઝુલોજીકલ પાર્કમાંથી મેળવી લેવાનો રહેશે.

9) બીડરે દ્વારા સિકયોરીટી ડીપોઝીટની રકમ એફ..ડી.આર.ના કિસ્સામાં રાજકોટ ખાતેની નેશનલાઇઝડ/શેડયુલ્ડ બેંકની રાજકોટ મહાનગરપાલિકા તથા બીડરના સંયુકત નામની એફ..ડી.આર. કઢાવી પાછળ રેવન્યુ સ્ટેમ્પ લગાડી તેના પર કોન્ટ્રાકટરશ્રીએ સહી કરી રાજકોટ ઝુ કચેરી ખાતે નિયત સમયમાં રજુ કરવાની રહેશે. જો સિકયોરીટી ડીપોઝીટની રકમ ફિકસ ડીપોઝીટ રીસીપ્ટના માધ્યમથી ભરવાના કિસ્સામાં સિકયોરીટી ડીપોઝીટના કુલ રકમના ૪.૯૦% પ્રમાણેના સ્ટેમ્પ પેપર પર કરારનામું કરવાનું રહેશે. સ્ટેમ્પ અને નોંધણી વિભાગ દ્વારા સ્ટેમ્પ ડયુટીમાં ફેરફાર થશે તો તે આપો આપ બિડરને લાગુ પડશે.

10) બિડર નિયત સમયમાં કરારનામું કરવામાં નિષ્ફળ જશે તો બિડરની અર્નેસ્ટમનીની રકમ જપ્ત કરવામાં આવશે તેમજ રાજકોટ મહાનગરપાલિકા આ કોન્ટ્રાકટ અન્ય એજન્સીને આપી શકશે.

11) સરકારશ્રી તરફથી નિયત કરવામાં આવેલ ઇન્કમટેક્ષ તેમજ અન્ય ટેક્ષની રકમ નિયમાનુસાર બીડરનાં બીલમાંથી કાપી લેવામાં આવશે. બીડરે ટેન્ડરમાં સરકારશ્રીનાં જી.એસ.ટી. સીવાયનાં તમામ ટેક્ષ / કર સાથેના ભાવ આપવાના રહેશે. સરકારશ્રી તરફથી નક્કી કરવામાં આવતી જી.એસ.ટી.ની રકમ જો લાગુ પડશે તો બીડરને મંજુર થયેલ ભાવ ઉપરાંત ચુકવવામાં આવશે. જીએસટી લાગુ પડે તો બીડરે બીલ જી.એસ.ટી.સાથેનું રજુ કરવાનું રહેશે. જીએસટી ભર્યાની પહોંચ દરેક બીલ સાથે અચૂક રજુ કરવાની રહેશે.

12) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી કોઇ પણ જાતનું કારણ દર્શાવ્યા સીવાય ટેન્ડર રદ કરી શકશે.

13) આ કરાર અંગે કોઇ વાદવિવાદ ઉપસ્થીત થશે તો, તે ફકત રાજકોટ જયુરીશડીકશનમાં ચાલી શકશે.

14) પ્રાઇઝબીડ ખોલ્યા બાદ ટેન્ડર ૧૨૦ દિવસ સુધી માન્ય રહેશે.

15) દર માસના અંતે બીલ રજુ કર્યા બાદ ચુકવણું કરવા માટેની કાર્યવાહી કરવામાં આવશે. બીલની રકમ સીધી કોન્ટ્રાકટરશ્રીના ખાતામાં **ECS**થી જમા કરવામાં આવશે. બીડરે બેંક એકાઉન્ટ, પાનકાર્ડ, તથા જીએસટી (જો લાગુ પડે તો) ને લગતી વિગત રજુ કરી વેન્ડર રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

16) બીડરને દર માસે બીલની સાથે જો લાગુ પડશે તો પેઢીનો પ્રોફેશનલ ટેક્ષ તથા કર્મચારીનો પ્રોફેશનલ ટેક્ષ ભર્યાની પહોંચ રજુ કરવાની રહેશે.

17) ઇજારાની કોઇ પણ એક શરતના ભંગ બદલ રૂા.૧૦,૦૦૦/-(અંકે રૂપિયા દશ હજારથી વધારે નહી તેટલો) દંડ/પેનલ્ટી જવાબદાર અધિકારી (નાયબ કમિશનરશ્રી) કરી શકશે. તે પ્રમાણેની રકમ બિડરે રાજકોટ મહાનગરપાલિકામાં ભરપાઇ કરવાની રહેશે અથવા તે માસનાં બિલનાં ચુકવણામાંથી દંડ/પેનલ્ટીની રકમ કપાત કરી લેવામાં આવશે.

18) ટેન્ડર સંબંધી કોઇ વાંધો હશે તો, બીડરે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, રાજકોટ મહાનગરપાલિકાને લેખિતમાં અરજી કરવાની રહેશે. આ બાબતે કમિશ્નરશ્રીનો નિર્ણય આખરી અને બીડરને બંધનકર્તા રહેશે.

19) બિડરનું કામ કોન્ટ્રાકટના સમયગાળા દરમિયાન સંતોષકારક જણાશે તો કોન્ટ્રાકટની મુદત પુરી થયે બિડર દ્વારા સીકયોરીટી ડીપોઝીટ પરત કરવા માટેની માંગણી રજુ કર્યા બાદ સીકયોરીટી ડીપોઝીટ પરત આપવાની કાર્યવાહી કરવામાં આવશે.

20) આ કામ સંબંધે કોઇ શરતોમાં સમાવેશ થતો ન હોય અથવા સમયાનુસાર કે ચાલુ કામે કોઇ આવી શરતો બાબતે પ્રશ્ન ઉપસ્થીત થાય તો કમિશ્નરશ્રી, રા.મ.ન.પા.નો નિર્ણય અંતિમ રહેશે. તે કોન્ટ્રાકટરશ્રીને બંધનકર્તા રહેશે. સંજોગોવશાત જરૂરિયાત ઉપસ્થીત થાય તો કમિશ્નરશ્રી, રા.મ.ન.પા. આ કોન્ટ્રાકટ રદ કરી શકશે.

21) બિડરે સરકારશ્રીના વખતોવખતનાં નિયમો મુજબ બિડરનો તેમજ કર્મચારીનો વ્યવસાય વેરો ભરપાઈ કરી, ભરેલ વ્યવસાય વેરાની પહોંચની નકલ બિલ સાથે રજુ કરવાની રહેશે.

22) માંસ તથા ચીકન સપ્લાય કોન્ટ્રાકટનો સમયગાળો બે (૦૨) વર્ષનો રહેશે. કામગીરી શરૂ કર્યાના ૧૩(તેર)માં માસથી મંજુર થયેલ ભાવ ઉપર ૫% (પાંચ ટકા) ભાવ વધારો આપવામાં આવશે. ૦૨ (બે) વર્ષ પૂર્ણ થયે નવો કોન્ટ્રાક્ટ આપવામાં કોઇ કારણસર મોડુ થશે તો કોન્ટ્રાકટ વધુ ત્રણ માસ સુધી લંબાવી શકાશે. લંબાવેલ મુદત માટે કોઇ ભાવ વધારો આપવામાં આવશે નહિં.

23) એનહાન્સમેન્ટ ફેકટર ફોર ફાઇનાન્સીયલ ક્રાયટેરીયા :

| Sr. no. | Year | Enhancement Factor |
|---|---|---|
| 01 | Year of inviting tender (e.g.-2024-25 | 1.00 |
| 02 | -1 (2023-24) | 1.10 |
| 03 | -2 (2022-23) | 1.21 |
| 04 | -3 (2021-22) | 1.33 |
| 05 | -4 (2020-21) | 1.46 |
| 06 | -5 (2019-20) | 1.61 |
| 07 | -6 (2018-19) | 1.77 |
| 08 | -7 (2017-18) | 1.95 |

ખાસ શરતો :-

1) હાલ ઝૂ ખાતે માંસની દૈનિક જરૂરીયાત ૧૮૨ કિગ્રા.ની છે. ઝૂ સુપ્રિન્ટેન્ડેન્ટ અથવા અન્ય જવાબદાર અધિકારી જરૂરીયાત પ્રમાણે માંસના જથ્થામાં વધારો કે ઘટાડો કરી શકશે અને તે મુજબ ઝૂ કચેરીની સુચના મુજબ માંસ પુરૂ પાડવાનું રહેશે.

2) હાલ ઝૂ ખાતે ચીકનની દૈનિક જરૂરીયાત ૨૪ કિગ્રા.ની છે. ઝૂ સુપ્રિન્ટેન્ડેન્ટ અથવા અન્ય જવાબદાર અધિકારી જરૂરીયાત પ્રમાણે ચીકનના જથ્થામાં વધારો કે ઘટાડો કરી શકશે. ઝૂ કચેરીની સુચના મુજબ ચીકન પુરૂ પાડવાનું રહેશે.

3) રાજકોટ ઝૂલોજીકલ પાર્ક, માર્કેટીંગ યાર્ડની પાસે તથા પ્રાણીસંગ્રહાલય આજીડેમ રાજકોટ એમ બન્ને જગ્યાએ ચીકન તથા માંસ સપ્લાય કરવાનું રહેશે. જે માટે ટ્રાન્સપોર્ટ ચાર્જ, ઉતરાઇ કે અન્ય કોઇ મજુરી અલગથી આપવામાં આવશે નહી.

4) પ્રાણીઓની સંખ્યામાં વધ/ઘટ મુજબ ચીકન તથા માંસની જરૂરીયાત મુજબ જથ્થામાં ફેરફાર કરવામાં આવશે. ઉકત કરવામાં આવતા ફેરફાર મુજબ ચીકન તથા માંસ સપ્લાય કરવાના રહેશે.

5) બિડરે માંસ તથા ચીકન (બંન એકી સાથે) મોડામાં મોડુ સવારના ૧૦:૦૦ વાગ્યા સુધીમાં પહોચતું કરવાની રહેશે. માંસ તથા ચીકન સપ્લાય કરવામાં નિષ્ફળ જશે / માંસનો જથ્થો તથા ચીકનનો જથ્થો જરૂરીયાત કરતા ઓછો આવશે ત્યારે ઝૂ સુપ્રિન્ટેન્ડેન્ટ અથવા અન્ય જવાબદાર અધિકારી જરૂરીયાત કરતા ઓછો આવેલ માંસ તથા ચીકનનો જથ્થો બિડરના ખર્ચે અને જોખમે બજારમાંથી જે તે સમયના

ભાવે ખરીદ કરી શકાશે. જે માટે થયેલ ખર્ચ તેના બીલ કે ડીપોઝીટમાંથી કાપી લેવામાં આવશે. પરંતુ ફાયદો થયે ઇજારાદાર તેમાં હક્કદાર રહેશે નહી.

6) ઝૂ ખાતે વર્ક ઓર્ડરમાં જણાવ્યા મુજબ માંસનો જથ્થો તથા ચીકનનો જથ્થો એક જ સમયે સાથે સપ્લાય કરવાનો રહેશે. અલગ અલગ સમયે માંસ તથા ચીકન સપ્લાય સ્વીકારવામાં આવશે નહીં.

7) બિડરે સપ્લાય કરેલ માંસ તથા ચીકન હલકી કે નબળી ગુણવતાવાળુ, ચરબી વાળુ, વાસી, ફ્રીઝ્ડ, બગડી ગયેલ કે ખરાબ ન હોવું જોઇએ.

8) ઝૂ ખાતે ઝૂ સુપ્રિન્ટેન્ડન્ટ અથવા અન્ય જવાબદાર અધિકારી દ્વારા માંસ તથા ચીકનનો વજન કરવામાં આવશે. જે બિડરે અથવા માંસ-ચીકન સાથે આવેલ એજન્ટે તેને માન્ય રાખવો પડશે. માંસ તથા ચીકનમાં કોઇ પણ જાતની ખરાબી અથવા વાસી તેમજ ખરાબ કે ચરબી વાળુ જણાશે તો સ્વીકારવામાં આવશે નહી.

9) <u>માંસ :</u> બિડરે સારી ગુણવતાવાળુ માંસ સપ્લાય કરવાનું રહેશે. ખાસ કરીને ચરબી, પાંસડી, નસ, પડદા, ચામડી, જીભ, તીલી, ગુર્દા, ડોક, ફેફસા, શ્વાસનળી, લીંગ, અન્નનળી, હોજરી, આંતરડાં, ગર્ભાશય, પુંછડી તથા ખોપરી સિવાયનું માંસ પુરૂ પાડવાનું રહેશે. જરૂરીયાત મુજબ કુણા હાડકા અને નળા સુચના મુજબ પુરા પાડવાના રહેશે. માંસના ટુકડા કચેરીની સુચના મુજબ આપવાના રહેશે.

10) <u>ચીકન:</u> બિડરે સારી ગુણવતાવાળુ ચીકન સપ્લાય કરવાનું રહેશે. ખાસ કરીને પીંછા વગરનું, ચામડી, ગુર્દા, ડોક, ફેફસા, શ્વાસનળી, લીંગ, અન્નનળી, હોજરી, આંતરડાં, ગર્ભાશય, પુંછડી, પગ તથા ખોપરી સિવાયનું ચીકન પુરૂ પાડવાનું રહેશે.

11) બિડરે ઝૂ ખાતે સપ્લાય કરવાના થતા કુલ માંસમાં ૮૦% રાંગ-બોટીવાળો ભાગ તથા ૨૦% હાડકાવાળુ માંસ (શીનો, ગરદન, કલેજી, દીલ સહીત) કચેરીની સુચના મુજબ આપવાના રહેશે.

12) ઝૂ કચેરીની સુચના મુજબ દરરોજ કલેજી, ખીમો અને દીલ પુરા પાડવાના રહેશે. તેમજ રાજકોટ ઝૂલોજીકલ પાર્ક તથા આજીડેમ ઝૂ ખાતેનું આગળના દિવસનું વધેલ વાસી માંસ/હાડકા ઝૂ કચેરી સુચવે એ જગ્યાએ નિકાલ કરવાનું રહેશે. જે માટે અલગથી કોઇ ચાર્જ આપવામાં આવશે નહી.

13) સંજોગોવશાત કોઇ દિવસ કતલખાનું બંધ રહે ત્યારે તે દિવસે બિડરે નિતીનિયમોને આધિન રહી ઝૂ સુપ્રિન્ટેન્ડેન્ટ અથવા અન્ય જવાબદાર અધિકારીની સુચના મુજબ માંસ તથા ચીકન સપ્લાયની વૈકલ્પીક વ્યવસ્થા બિડરે કરવાની રહેશે.

14) બીડરે માંસ તથા ચીકન સપ્લાયની શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. કોઇ પણ કારણોસર બીડર માંસ તથા ચીકન સપ્લાય કરશે નહી તો બીડરે ભરેલ સીકયોરીટી ડીપોઝીટની રકમ જપ્ત કરી કોન્ટ્રાકટ રદ કરવામાં આવશે અને બિડરને રાજકોટ મહાનગરપાલિકાના આ કામ માટે બ્લેક લીસ્ટ કરવામાં આવશે.

15) સપ્લાય ઓર્ડરમાં દર્શાવેલ તારીખથી માંસ તથા ચીકન સપ્લાય ચાલુ કરવાનું રહેશે.

16) બિડર આ કોન્ટ્રાકટ અન્ય કોઇ કોન્ટ્રાકટર / બિડરને પેટામાં આપી શકશે નહી. અને જો પેટામાં કોન્ટ્રાકટ આપી દીધેલ માલુમ પડશે તો જરૂર જણાયે કોન્ટ્રાકટ રદ કરવામાં આવશે.

17) ભવિષ્યમાં માંસ તથા ચીકનની જરૂરીયાત ન રહે તો રાજકોટ મહાનગરપાલિકા ગમે ત્યારે કોન્ટ્રાકટ બંધ કરી શકશે. જે બીડરને બંધનકર્તા રહેશે.

18) પર્યુષણ પર્વ, ધાર્મિક તહેવારો તેમજ સરકારશ્રી દ્વારા જે દિવસે કતલખાનુ બંધ રાખવાનું હોય તે દિવસે માંસ તથા ચીકન સપ્લાય કરવાની જવાબદારી બિડરની રહેશે.

19) કોઇ પણ સરકારી કે અર્ધસરકારી સંસ્થા દ્વારા **Black listed / Terminated/ Debarred** કરવામાં આવેલ કોઇ પણ એજન્સી કે પેઢી સદરહું ટેન્ડર પ્રક્રિયામાં ભાગ લઇ શકશે નહી. જો સદરહું ટન્ડર પ્રક્રિયામાં બ્લેકલીસ્ટેડ કે ટર્મીનેટ એજન્સી દ્વારા ભાગ લીધાનું માલુમ પડશે તો તેનું ટેન્ડર માન્ય કરવામાં આવશે નહીં. જે માટે એજન્સીએ ટેન્ડરમાં સામેલ **Annexure-A** નમુના મુજબનું રૂ.૩૦૦/-ના નોન જ્યુડીસીઅલ સ્ટેમ્પ પેપર ઉપર સોગંદનામું કરી (n)procure સાઇટ પર અપલોડ કરવાનું રહેશે.

20) રાજકોટ મહાનગરપાલિકા દ્વારા માંસ તથા ચીકન કિ.ગ્રા.નાં મુળ ભાવ (બેઈઝ રેટ) ટેન્ડરના "પ્રાઈઝ શેડ્યુલ્ડ"માં આપેલ છે. તે મુજબ માંસ તથા ચીકનના ભાવ ટેન્ડર કિંમતના મુળ ભાવ (બેઈઝ રેટ) પર વધુ/ઓછા/બરાબર ટકા(%)માં ભરવાના રહેશે.

# "એનેક્ષર-એ"

(રૂ. 300/- ના સ્ટેમ્પ પેપર ઉપર સોગંદનામું કરાવવાનો નમુનો)

## સોગંદનામું

અમો શ્રી______________________________________________હોદો ____________________ ઉંમર/વર્ષ: ________, ધંધો/સંસ્થા: ____________________________________________ , રહેણાંકનું સરનામું ________________________________________________________________________________છે. હું મારા ધર્મ ના સોંગદ ઉપર જાહેર કરૂ છુ કે

(1) હું સંસ્થા :________________________________________માં હોદો: _________________________તરીકે છું,અને હું આ સંસ્થા વતી સોગંદનામું કરવા માટે અધિકૃત / સક્ષમ છું.

(2) અમો રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પ્રસીધ્ધ કરવામા આવેલ ટેન્ડર આઈડી નં. _____________ કામનું નામ: **<u>રાજકોટ ઝૂલોજીકલ પાર્ક ખાતે માંસ તથા ચીકન સપ્લાય કરવાના કામનો દ્વિવાર્ષીકનો રેઇટ કોન્ટ્રાકટ આપવાના કામમાં</u>** ભાગ લેવા માંગીએ છીએ તથા ટેન્ડર ભરેલ છે.

(3) અમોએ ટેન્ડરની બધી શરતો વાંચી અને સમજી લીધી છે અને તે અમો / અમોની સંસ્થા / પેઢીને સ્વિકાર્ય છે

(4) અમો પ્રમાણીત કરી સોગંદનામું કરી આપીએ છીએ કે સમગ્ર દેશમાં કોઇપણ સરકારી / અર્ધ સરકારી / સરકારની સ્વાયત સંસ્થા દ્વારા અમોએ કરાર કરેલ હોય તેવા કોઇપણ કામ માટે અમો / અમોની પેઢી / સંસ્થાને કોઇપણ કામના ટેન્ડરમાં ભાગ લેવા માટે બ્લેક લીસ્ટ કરવામાં આવેલ નથી કે કોઇપણ કામો કરવા માટે પ્રતીબંધ લગાવવામાં આવેલ નથી.

(5) અમોએ રજુ કરેલ તમામ વિગતો સાચી અને ખરી છે. જે હું સત્ય પ્રતિજ્ઞા ઉપર જાહેર કરૂં છું. અમો એ પણ જાણીએ છીએ કે ખોટુ સોગંદનામું કરવુ કે ખોટું નિવેદન આપવું એ ગુનાહિત કૃત્ય છે.

તારીખ:..........................

સ્થળ:............................

(અરજદારની સહી)

# બીડરની વિગત

| | | | |
|---|---|---|---|
| ૧ | ૧ | બીડરનું નામ | |
| | ૨ | સરનામું | |
| | 3 | ટેલીફોન નંબર તથા મોબાઇલ નં. | |
| | | | |
| ૨ | | રા.મ.ન.પા.એ કોન્ટ્રાકટ માટે જેની સાથે સંપર્ક કરવાનો થાય તેની માહિતી | |
| | ૧ | નામ | |
| | ૨ | સરનામું | |
| | 3 | ટેલીફોન નંબર | |
| | ૪ | મોબાઇલ નં. | |
| | ૫ | ફેકસ નંબર | |
| | | | |
| 3 | | કોન્ટ્રાકટમાં સહી કરનારની વિગત | |
| | ૧ | નામ | |
| | ૨ | સરનામું | |
| | 3 | ટેલીફોન નંબર | |
| | ૪ | મોબાઇલ નં. | |
| | ૫ | ફેકસ નંબર | |

# રાજકોટ મહાનગરપાલિકા
# પ્રાણીસંગ્રહાલય શાખા

## -:: પ્રાઇઝ શેડ્યુલ્ડ ::-

(ફકત ઓનલાઇન ઇલેકટ્રોનિક ફોરમેટમાં ભરવાનું રહેશે.)

| ક્રમ | વિગત | બેઇઝ રેઈટ પ્રતિ કિ.ગ્રા.નાં રૂ. પૈસા | રીમાર્કસ |
|---|---|---|---|
| ૧ | **માંસ** | **રૂા.૧૮૭=૦૦** | **ફક્ત ઓનલાઇન % વધુ/ઓછા/બરાબર ભાવ ભરવાનાં રહેશે.** |
| ૨ | **ચીકન** | **રૂા.૨૨૦ =૦૦** | |

## NOTE ON PRICE SCHEDULE:

1) Rate must be given in % above or below or equal to the base rate mentioned above in price schedule.
2) GST shall be paid extra on the rate (Above given base rate are without (excluding) GST) if applicable.
3) The bidder shall quote his firm and fix prices for entire project defined in more details in various sections of the tender document.
4) The rates and prices shall be submitted online in electronic format only as per price schedule. Rates received in any other format will be rejected and bids will be disqualified.

**નાયબ કમિશનર**
**રાજકોટ મહાનગરપાલિકા**